સોશીયલ મિડીયા આવૃત્તિ
રવિવાર, તા.૨૧ સપ્ટેમ્બર-૨૦૨૫ # 131 DIGITAL EDITION
https://www.youtube.com/@fastnewsumbergaon

# ફાસ્ટ ન્યુઝ ઉમરગામ

UDYAM- GJ-25-0025534
વલસાડ - ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશમાં સૌથી વધુ વંચાતી સોશિયલ મીડિયા આવૃત્તિ તથા યુટયુબ પર સૌથી વધુ જોવાતી ચેનલ

માલિક: ઉદય રાવલ, પ્લોટ નં.૫૧ જી.આઈ.ડી.સી. કોલોની, ઉમરગામ, જિ.વલસાડ, ગુજરાત. Email. ID: rawaluday69@gmail.com, Mob: 9898839269

વિશ્વ કોસ્ટલ ક્લીનિંગ દિવસ નિમિત્તે ગુજરાત એન્વોયરમેંટ મેનેજમેંટ ગાંધીનગરના સહયોગથી

## ઉમરગામ દરિયા કિનારે બીચ ક્લીન અપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું







**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** વિશ્વ કોસ્ટલ ક્લીનિંગ દિવસ છે. ગુજરાત એન્વોયરમેંટ મેનેજમેંટ ગાંધીનગરના સહયોગથી ઉમરગામ દરિયા કિનારે બીચ ક્લીન અપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, સરીગામ જીપીસીબી પ્રાદેશિક કચેરી, ચંદન સ્ટીલ, ડોમ્સ ઈન્ડસ્ટ્રી, મહેતા ટ્યુબ, હિન્દુસ્તાન પેન્સિલ, વગેરે ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વચ્છતાના આગ્રહી એવા જાગૃત નાગરિકો બીચક્લીન અપ કાર્યક્રમમાં જોડાયા હતા.

ઉમરગામ દરિયાકિનારે મોટી સંખ્યામાં સહેલાણીઓ નિયમિત આવતા જોવા મળે છે. સ્વયંસેવિ સંસ્થાઓ દ્વારા પણ દર રવિવારે દરિયાકિનારે સફાઈ અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી થતી જોવા મળે છે. ભરતી સમયે દરિયામાંથી મોટી માત્રામાં કચરો અને પ્લાસ્ટિક તણાઈ આવે છે.કોસ્ટલ ક્લીન અપ દિવસ દરિયાઈ પ્રદૂષણનેં નહીવત કરવા ઉજવાય છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખ નરેશભાઈ દ્વારા ૩૬૫ દિવસ બીજ ક્લીનર ડે તરીકે ઉજવવા જોઈએ તેમ જણાવ્યું હતું. તને લોકોને સ્વચ્છતાના આગ્રહી બનવા અપીલ કરી હતી. સરીગામ પ્રાદેશિક કચેરીના અધિકારી ગ્લોબલ વૉર્મિંગ કે દરિયાઈ ધોવાણ હવે મોટી આફત બની રહી છે, ત્યારે દરીયામા વધી રહેલા પ્લાસ્ટિક વેસ્ટ નેં ઘટાડવા સામૂહિક પ્રયાસ થવા જોઈએ એવો કોલ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ જાગૃત આગેવાનોએ આપ્યો હતો. ઉમરગામની એમ એમ હાઈસ્કૂલ માં આજે ચિત્રકલા સ્પર્ધા સહિત એક ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. સિટિઝન અમ્બ્રેલાણા નરેશભાઈ, ડૉમસ્ ઈન્ડસ્ટ્રીઝના માલિક સંતોષ ભાઈ રવેશિયા, અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારી, અને ચંદન સ્ટીલ કંપનીના પ્રતિનિધિ ગૌરીશંકરજી, હિન્દુસ્તાન પેન્સિલના મનોજભાઈ કંસારા, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો, અગ્રણીઓએ હાજરી આપી હતી.

## રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવી બનેલી વાપી મહાનગરપાલિકાના વોર્ડના હદ સીમાંકનનું જાહેરનામું બહાર પાડ્યું






**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવી બનેલી વાપી મહાનગરપાલિકાના વોર્ડના હદ સીમાંકનનું જાહેરનામું બહાર પાડ્યું છે. આથી ટૂંક સમયમાં વાપી મહાનગરપાલિકાની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા નવા હદ સીમાંકનમાં વાપી મહાનગરપાલિકા વિસ્તારને કુલ ૧૩ વોર્ડમાં વિભાજિત કરવામાં આવ્યો છે. ૧૩ વોર્ડ માટે ૫૨ બેઠકોની રચના કરવામાં આવી છે. વોર્ડ સીમાંકનમાં શહેરના ભૌગોલિક વિસ્તારની સાથે વસ્તી અને જે તે વિસ્તારની સમસ્યાઓને ધ્યાન રાખી વોર્ડની રચનાઓ કરવામાં આવી છે. કુલ ૫૨ બેઠકોમાંથી ૧ બેઠક લ્ઘ, ૬ બેઠકો લ્ઘ માટે, ૧૪ બેઠકો OBC અને ૩૧ બેઠકો બિન અનામત રાખવામાં આવી છે .નવા સીમાંકન મુજબ વાપી મહાનગરપાલિકામાં કુલ ૨ લાખ ૪૮ હજારથી વધુ મતદારો નોંધાયા છે. વસ્તી ગણતરીની આધારે વાત કરીએ તો વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર ૫ સૌથી મોટો વોર્ડ છે. જેમાં ૨૨ હજાર થી વધુ મતદારો છે .જ્યારે વોર્ડ નંબર ૭ સૌથી નાનો વોર્ડ છે .જેમાં ૧૪,૩૦૦ થી વધુ મતદારોનો સમાવેશ થાય છે. વાપી મહાનગરપાલિકાની રચના બાદ વોર્ડ સીમાંકનની રાહ જોવામાં આવી રહી હતી. આખરે હવે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર રીતે વોર્ડના હદ સીમાંકન પર જાહેર કરી દેવામાં આવ્યુ છે.આથી હવે વાપી મહાનગરપાલિકાની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. આથી વાપી અને વલસાડ જિલ્લામાં રાજકીય ચહલપહલ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ છે કે વાપી મહાનગરપાલિકાની રચનામાં વાપી આસપાસના વિસ્તારના ૧૧ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી આ નવા સીમાંકનમાં નવા જોડાયેલા ગામોને પણ વિકાસમાં પ્રધ્યાન્ય અને યોગ્ય ન્યાય મળે તે માટે આ વિશેષ ધ્યાન રાખવા માં આવ્યું છે. આમ ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલિકાના વોર્ડમાં વિભાજન અને વોર્ડના હદ સીમાંકનનું જાહેરનામું જાહેર થતાં જ વાપી મહાનગરપાલિકા દ્વારા પણ ચૂંટણીની તૈયારીઓનો આરંભ કરી દેવામાં આવ્યો છે.

## ઉમરગામ વિસ્તારમાં સોસીયો ક્લીન અપ સંસ્થા દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** ઉમરગામ વિસ્તારમાં સોસીયો ક્લીન અપ સંસ્થા દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતતા અર્થ છેલ્લા ૬૫ અઠવાડિયાથી નેત્રદીપ કામગીરી થઈ રહી છે. ઉમરગામ દરિયા કિનારે સંસ્થાના યુવા સેવાભાવી સભ્યો દર રવિવારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી કરતા જોવા મળે છે. સંસ્થાના સ્થાપક નિખિલભાઈ તથા તેઓના સેવાભાવી સભ્યો દ્વારા સમાજને પ્રેરણા પૂરી પાડવા થતી કામગીરીને ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખ નરેશભાઈએ બિરદાવી હતી. ભારતના ભવિષ્ય એવા યુવાનોની વિચારધારા અને સ્વચ્છતાના આગ્રહી બની સમાજ હિતમાં તેઓ દ્વારા થઈ રહેલી કામગીરી પ્રશંસનીય હોવાનું જણાવી યુવાનોને પ્રોત્સાહિત કરવા સમાજના આગેવાનો આગળ આવે એવી નરેશભાઈએ અપીલ કરી હતી. સોશિયલ ક્લીન અપ સંસ્થાના સ્થાપક નિખિલભાઈએ યુઆઈએ પ્રમુખ નરેશભાઈનો આભાર પ્રગટ કર્યો હતો સાથે જ ઉમરગામને સ્વચ્છ અને સુંદર બનાવવા સોસીયો ક્લીન અપ સંસ્થા દ્વારા થઈ રહેલી કામગીરીમાં જોડાવા સૌને અપીલ કરી હતી

વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે આયોજિત સેવા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત

## ૨૧મી સપ્ટેમ્બરે વલસાડ તિથલ બીચ ખાતે મેરેથોન યોજાશે

જિલ્લા ભાજપ યુવા મોરચાની આગેવાની હેઠળ "નશામુક્ત ભારત"ના નેજા હેઠળ આયોજિત મેરેથોન ખૂબ મોટી સંખ્યામાં દોડવિરો જોડાશે





**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી. આર.પાટીલજી, સંગઠન મહામંત્રી રત્નાકરજી, વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંતભાઈ કંસારાની સુચના અને માર્ગદર્શન મુજબ, તારીખ ૧૭ મી સપ્ટેમ્બર થી ૨જી ઓક્ટોબર સુધી આયોજિત સેવા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ જિલ્લા યુવા મોરચાની આગેવાનીમાં નમો યુવા મેરેથોને નું આયોજન કરવામાં આવ્યું છે, જે અંગેની વિગતવાર માહિતી આપવા કમલમ વલસાડ ખાતે હેમંતભાઈના અધ્યક્ષ સ્થાને પત્રાકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે મેરેથોન અંગે વિગતવાર માહિતીઓ આપી હતી, આ તબક્કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રમુખ સ્નેહીલભાઈ દેસાઈ જિલ્લા યુવા મોરચાના મહામંત્રી મયંકભાઇ પટેલ, પ્રભાકરભાઈ યાદવ, વલસાડ તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ મિતભાઈ પટેલ, જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર દિવ્યેશ કૈલાસનાથ પાંડે, સહિત યુવા મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

## ભીલાડ પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજાયો



**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** ભીલાડ પોલીસ સ્ટેશનમાં ભ્લ્ત ડોડિયા તેમજ રબારી સાહેબની આગેવાનીમાં લોક દરબાર યોજાયો હતો. જેમાં સન્માનનીય SP યુવરાજસિંહ જાડેજા તેમજ DYSP દવે ઉપસ્થિત રહ્યા હતા. DYSP દવે એ ગ્રામજનોને પોતાના વિસ્તારના મૂંઝવતા પ્રશ્નોની રજૂઆત કરવા અનુરોધ કર્યો હતો. આ લોકદરબારમાં વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, જિલ્લા ઉપાધ્યક્ષ અંકિતભાઈ શાહ, વલસાડ જિલ્લા પંચાયત સદસ્યશ્રી દિપકભાઈ મિસ્ત્રી, વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ અશરફભાઈ ચુડાસમા, મુસ્લિમ સમાજના સામાજિક કાર્યકર્તા મનાનભાઈ મેમણ, ભીલાડ પંચાયતના કપિલભાઈ જાદવ, વગેરેએ પ્રશ્નોની રજૂઆત કરી હતી. સરીગામની અંદર પોલીસ સ્ટેશન બનેએ માટે ઉપસ્થિત તમામ ગ્રામજનોને સામૂહિક પ્રયત્નો કરવા આગ્રહ કર્યો હતો. એસપીની ઈચ્છાને પરિપૂર્ણ કરવા માટે તન, મન, ધનથી એકબીજાના સાથ સહકારથી કાર્યશીલ બનવાની ખાત્રી આપી હતી. પોલીસ અધિકારી તેમજ પોલીસ જવાનોનાં માનવતાવાદી અભિગમને સૌએ વધાવ્યો હતો.

વલસાડ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા અને બક્ષીપંચ સમાજ દ્વારા

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭% અનામત સીટ આપવા બાબતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચા અને બક્ષીપંચ સમાજ દ્વારા આજરોજ વલસાડ જિલ્લા કલેકટરને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઓબીસી કેટેગરીને ૨૭% અનામત સીટ આપવા બાબતે આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું, આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત રાજ્યમાં ૫૨% થી પણ વધુ વસ્તી ઓ.બી.સી કેટેગરીની છે, જેમાં ૧૪૬ જેટલી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે, રાજ્ય સરકારે જુલાઈ ૨૦૨૨માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઓ.બી.સી. અનામત બાબતે ઝવેરી આયોગની રચના કરી હતી અને પંચે જુલાઈ ૨૦૨૩ માં પોતાના રિપોર્ટ આદરણીય મુખ્યમંત્રીશ્રીને સોંપેલ ત્યારબાદ માન્ય મુખ્યમંત્રીશ્રી દ્વારા બેકવર્ડ ક્લાસ અને પછાત વર્ગ માટે ૨૭% અનામતની જાહેરાત કરી હતી, નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર અનામત ૫૦% થી વધવી જોઈએ નહીં જે મુજબ એસ.ટી.૧૫% ૭% એસ.સી. અને ૨૭% ઓ.બી.સી સમુદાયને અનામત આપવામાં આવી છે,જે બાબતોને ધ્યાનમાં લઈ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઓ.બી.સી.સમસજને અને ૨૭% આનામત આપવાની રજૂઆત કરવામાં આવી છે, વલસાડ જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વલસાડ જિલ્લા પંચાયતની ૩૬ સીટમાંથી બક્ષીપંચ સમાજને ૪ સીટ મળી છે અને વલસાડ તાલુકા પંચાયત ને ૩૨ માંથી ૩ સીટ મળી છે, જેથી વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચાના સમાજના આગેવાનો દ્વારા વલસાડ જિલ્લાને ૨૭% ઓ.બી.સી.અનામત સીટ મળે તે અનુસંધાને આ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## ઔદ્યોગિક નગરી વાપી માં કોંગ્રેસ દ્વારા ધરણા અને વિરોધ પ્રદર્શન યોજાયું




**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** ઔદ્યોગિક નગરી વાપી માં કોંગ્રેસ દ્વારા આજે ધરણા અને વિરોધ પ્રદર્શન યોજાયું હતું. વાપીમાં અધૂરા રેલવે ઓવરબ્રિજ અને ખરાબ રોડ રસ્તાના વિરોધ વિરોધમાં કોંગ્રેસ દ્વારા એક દિવસિય ધરણા અને ઉપવાસનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહત્વપૂર્ણ છે કે ચોમાસાની શરૂઆતથી જ વાપીમાં રસ્તાઓની હાલત ખરાબ છે. તો છેલ્લા ત્રણ વર્ષથી બની રહેલા રેલ્વે ઓવરબ્રિજનું કામ હજુ પણ અધૂરું છેમ આથી શહેરીજનોએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આખું ચોમાસુ લ ખરાબ રસ્તાના કારણે અકસ્માતો અને વાહનોમાં નુકશાન અને બ્રિજના અધૂરા કામને કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ રહી છે. આથી લોકોમાં રોષ છે. આથી હવે કોંગ્રેસ પણ આ મામલે રસ્તા પર ઉતરી આ મામલે વાપીમાં વિરોધ પ્રદર્શન કરી જો ટૂંક સમયમાં રસ્તાઓની હાલત સુધારવામાં નહીં આવે અને અધૂરા બ્રિજનું કામ પૂરું નહીં કરવામાં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની પણ કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી હતી.

## કર્તવ્ય એનજીઓ દ્વારા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ વ્હીકલ કમ એમ્બ્યુલન્સનુ લોકાર્પણ

**ફાસ્ટ ન્યુઝ**

**ઉમરગામ:** દાદરા નગર હવેલીની કર્તવ્ય એનજીઓ દ્વારા પ્રદેશમા સર્વપ્રથમ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ વ્હીકલ કમ એમ્બ્યુલન્સનુ લોકાર્પણ ફોરેસ્ટ વિભાગના હસ્તે કરવામા આવ્યુ હતુ.છેલ્લા ૧૪વર્ષથી વન્યજીવન સંરક્ષણ અને રખડતા પશુઓના સંરક્ષણ માટે કામ કરતી જીવદયા સંસ્થા છે.કર્તવ્ય એનજીઓ દ્વારા આજદિન સુધીમા અંદાજીત ૬૦ હજારથી વધુ પશુ પક્ષીઓને બચાવ્યા છે. જરૂર પડી છે ત્યા તેમની સારવાર કરી તેમના કુદરતી નિવાસસ્થાનમા છોડવામા આવ્યા છે. આ સંસ્થાએ પોતાનો વ્યાપ વિસ્તારતા વન્યજીવો તેમજ રખડતા પશુઓના સંરક્ષણ પૂરતી માર્યાદિત ના રહેતા શિક્ષણ અને સ્નેકબાઈટ પ્રતિરોધી જાગૃકતા અભિયાન, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન જેવી વિવિધ સમાજલક્ષી પ્રવૃતિઓ સુધી વિસ્તરી છે. તેમજ વધુમા વધુ નવી પ્રવૃતિઓ તરફ સંપૂર્ણ ક્ષમતાથી સજ્જ થઇ રહી છે. સંસ્થા દ્વારા સમાજ સેવાની પ્રવૃત્તિને વેગ આપવા માટે વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ વ્હીકલ કમ એમ્બ્યુલન્સ લેવા માટે મુખ્ય દાતાઓ રાકેશસિંહ ચૌહાણ, રાજેશ ડુંગર, અંકુર સિંઘાનિયા,દીપ ભાટુ, આદિત્ય મુન્દ્રા, દ્વારા દાન આપવામા આવ્યા હતા અન્ય દાતાઓ અને સંસ્થાના પ્રયત્નોના અંતે પ્રદેશમા સર્વપ્રથમ વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ વ્હીકલ કમ એમ્બ્યુલન્સ લાવવામા સફળતા પ્રાપ્ત થઈ છે.

આ કાર્યક્રમ અંતર્ગત દાનહ અને દમણ દીવના સીસીએફ સંજય વરાડકર, ડીસીએફ આનંદ એસ જાદવ, એસીએફ કિરણસિંહ પરમાર, આરએફઓ ધવલ ગાવિત સહિત ડો.વિક્રમ ખાન અને ડો.અંકુશ સંધાઈના હસ્તે ઝંડાચોક શાળા પરિસરમા વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ વ્હીકલ કમ એમ્બ્યુલન્સને લીલી ઝંડી બતાવી લોકાર્પણ કરવામા આવ્યુ હતુ. આ એમ્બ્યુલન્સનો હેલ્પલાઇન નંબર ૯૭૨૫૩૯૬૨૩૦ છે જે ૨૪હ૭ કાર્યરત રહેશે. આ સેવા આખા પ્રદેશને આવરી લેશે.આ એમ્બ્યુલન્સને એવી રીતે બનાવવામા આવી છે કે જે કુદરતી તેમજ માનવસર્જીત આપદાઓ જેવી કે પૂર,ભૂકંપ,આગ લાગવી કે ઍક્સિડન્ટના સમયે પણ રેસ્ક્યુ વ્હીકલ તરીકે કામ કરી શકવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. આ અવસરે શિક્ષણ અધિકારી બળવંત પાટીલ, શાળાના આચાર્ય વિદ્યા ખરે,શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થીત રહ્યા હતા.